તા. ૦૧-૧૦-૨૦૧૮ થી તા. ૦૭-૧૦-૨૦૧૮ સુધીની સારી કામગીરી

(1)સારી કામગીરી

* જેતપુર તાલુકા પોસ્ટે વિસ્તારમાંથી જુગારનો અખાડો પકડી પાડતી જેતપુર તાલુકા પોલીસ*

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી જેતપુર ડિવિઝન જે એમ ભરવાડ સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે ની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય જે અન્વયે જેતપુર તાલુકા પો. સ્ટેના પો.સબ.ઇન્સ શ્રી પી જે બાંટવા સા તથા સ્ટાફ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો સબ ઇન્સ શ્રી સાહેબ ને મળેલ હકીકત આધારે જેતપુર તાલુકાના વિસ્તાર દેવકીગાલોલ સીમમાં ચીમનભાઈ બરવાડીયા ની કબજા ભોગવટા ની વાડી માં જુગાર રમતા આરોપીઓને પકડી પાડી જુગારધારા કલમ ૪-૫ મુજબ નો ગુનો નોંધી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(1) ચીમનભાઈ કેશુભાઇ બરવાડીયા રહે દેવકીગ્રાલોલ

(2) ધનજીભાઈ ભીમજીભાઈ મકવાણા રહે ભેંસાણ

(3) મનસુખ નાથાભાઇ કોરાટ રહે ખંભાળીયા ભેસાણ

(4) ધીરજભાઈ ખોડાભાઈ રામોલીયા રહે ખંભાળિયા

(5) શૈલેશ જીલૂભાઈ ધાયલ રે ભેસાણ

(6) બીપીનભાઇ વલભભાઇ કારીયારહે.દેવકીગ્રાલોલ

(7) પૃવીણભાઇ જીવણભાઇ રાજયગૂરુરહે. વડીયા

(8)રઘુભાઈ ભીમાભાઈ કયાડા રે દેવકી ગાલોલ

(9)જમનાદાસ બોઘાભાઈ રામાણી રે હનૂમાનખજડીયા

ઉપરોકત આરોપીઓ પાસેથી જુગાર નું સાહિત્ય તથા કુલ રોકડા રૂ 41,920/- તથા મોબાઈલ નંગ 8 કિ.રૂ 10,000/- તથા મોટર સાયકલ નંગ 6 કિ.રૂ. 97,000/- મળી કુલ મુદ્દામાલ રૂ 1,48,920/- નો મુદ્દામાલ મળી આવેલ છે

આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી પીજેબાંટવાતથા એ.એસ.આઇ. પી.કે. શામળા તથા Asiમજનુભાઈ,પો હેડ કોન્સ બી એસ મોરીતથા પો.હે,કોન્સ ભુરાભાઈ,પો,કો,રાજૂભાઈ શામળા, પો, કો,દીનેશભાઈ ખાટરીયા વિગેરે જોડાયા હતા

(2) સારી કામગીરી

છેલ્લા - ત્રણ ચાર માસથી નાસતી ફરતી મહિલા આરોપીને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય પેરોલ/ફર્લો સ્કોડ

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય. જેથી આજ રોજ ઇન્ચા. પો.ઇન્સ. એલ.સી.બી. શ્રી જે.એમ.ચાવડા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઇ શ્રી યુ.એચ.વસાવા સા.તથા એ.એસ.આઈ મહમદરફીક ચૌહાણ,પો.હે.કો વિરરાજભાઇ પો.કો મહેન્દ્રસિંહ સોલંકી, પો.કો મયુરસિંહ જાડેજા, તથા પો.કો વિનયભાઈ રાજપુત નાઓ નાસ્તા ફરતા આરોપીઓની તપાસમા હતા આ દરમ્યાન પો.કો મહેન્દ્રસિંહ સોલંકી નાઓને મળેલ બાતમી આધારે શાપર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. 35/2018 આઇ.પી.સી. કલમ 365.389.394.504.506(2).120 બી મુજબના ગુનાના કામે નાસતી ફરતી મહિલા આરોપી માધવીબેન ડો/ઓફ રસિકભાઈ ખખર રહે.ધોરાજી વાળી ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી, શાપર પોલીસ સ્ટેશન ખાતે સોપેલ છે.

(3) **** સારી કામગીરી ***

દેશી બનાવત નો તમચો પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી ટીમ

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ નાઓની સુચનાથી એસ.ઓ.જી. ની કામગીરી અનુસંધાનએ પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એન.રાણા સાહેબ સાથે પો.સબ.ઇન્સ વાય.બી.રાણા તથા સ્ટાફના માણસો સાથે લોધીકા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે આનંદ રેસિડેન્સીના પાટિયા પાસે પીપળવા રોડ ઉપર શાપર વેરાવળ ગામનો પ્રકાશ ઉર્ફે પકોર૧૨૧ વાળો તેની પાસે દેશી બનાવટનુ હથીયાર રાખી ઉભેલ છે તે હકિકત મળતાં તુરતજ હકિકત વાળી જગ્યાએ રેડ કારતા ઉપરોકત ઇસમ હાજર હોય જેને પકડી તેનુ નામ ઠામ પૂછતાં પોતે પોતાનુ નામ પ્રકાશ ઉર્ફે પકોર૧૨૧ રણછોડભાઈ પરમાર જાતે અનુ.જાતી ઉ.વ.૨૩ રહે. ક્રિષ્ના પાર્ક સોસાયટી શીતળામાના મદિર પાસે શાપર વેરાવળ ગામ તા. કોટડાસાગાણી વાળો હોવાનુ જણાવેલ હોય અને તેની ઝડતી તપાસ કરતા તેના હાથમા રહેલ કાળા થેલામા જોતા એક દેશી બનાવટનો બારબોર સીગલ બેરેલ લાકડાના હાથા વાળો તમચો નગ એક કિ.રૂ.૫,૦૦૦/- તથા બે જીવતા કારટીસ કિ. રૂ.૨૦૦/- મળી આવતા કુલ મુદામાલ કિ.રૂ.૫,૨૦૦ ગણી તપાસ અર્થે હથિયાર તેમજ કારટીસ કબ્જે કરી લોધિકા પો.સ્ટે ગુનો રજી દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આ કામગીરીમાં પો.ઇન્સ શ્રી એમ.એન.રાણા તથા પો.સબ.ઇન્સ વાય.બી.રાણા તથા પો.હેડ.કોન્સ ઉપેન્દ્રસિંહ જાડેજા તથા વિજયભાઇ ચાવડા તથા પો.કોન્સ ધર્મેન્દ્રભાઇ ચાવડા તથા રણજીતભાઇ ધાધલ તથા સાહિલભાઈ ખોખર વિગેરે જોડાયા હતા

(4) ====== સારી કામગીરી =======

ઈંગ્લીશ દારૂ નો ગણના પાત્ર કેશ શોધી કાઢતી ઉપલેટા પોલીસ

રાજકોટ ગ્રામ્ય જીલ્લા ના પોલીસ અધિક્ષક શ્રી બલરામ મિણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક જે.એમ.ભરવાડ સાહેબ જેતપુર વિભાગનાઓ તરફથી દારૂ તથા જુગારની બદીને સંપુર્ણ રીતે નેસ્તનાબુદ કરવા માટે આપેલ સુચના અન્વયે ઉપલેટા પો સ્ટે ના પો ઇન્સ શ્રી એચ.જી.પલ્લાચાર્ય સાહેબ ના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ શ્રી વી.બી.વસાવા સાહેબ ઉપલેટા પોલીસ સ્ટાફ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન ખાનગી રાહે મળેલ હકીકત આધારે રાજકોટ પોરબંદર નેશનલ હાઇવે પાસે આવેલ રાજસીભાઈ કનારા ની કબ્જા ભોગવટા ની વાડી એ રેઇડ કરી અંગ્રેજી દારૂ ની જુદી જુદી બ્રાન્ડ ની કુલ બોટલ નંગ ૧૬૦ કિ રૂ. ૪૮૦૦૦/- તથા મોબાઈલ નંગ ૩ કી રૂ ૧૦૫૦૦/- મળી કુલ રૂ. ૫૮૫૦૦/- ના મુદામાલ સાથે આરોપી ન.(૧) ઇમરાન કાળુભાઇ સેતા ન.(૨) ધર્મરાજસિંહ ઉર્ફે ધમો મહેન્દ્રસિંહ જાડેજા તથા ન.(૩) કિશન રમેશભાઈ ચાવડા રહે ત્રણેય ઉપલેટા વાળા ને પકડી પાડેલ છે તથા વાડી મલિક આરોપી ન.(૪) રાજસીભાઈ કનારા રહે ઉપલેટા તથા સદરહું ઈંગ્લીશ દારૂ નો જથ્થો આપનાર આરોપી ન.(૫) રમેશ ઉર્ફે રામો પોલાભાઈ મેર રહે ઢાંક તા ઉપલેટા વાળા ને અટક કરવા પર બાકી રાખેલ છે

આ કામગીરીમાં ઇન્ચાર્જ પો.ઇન્સ શ્રી વી.બી.વસાવા તથા પો.હેડ.કોન્સ શક્તિસિંહ જાડેજા તથા ભાવેશભાઈ બોરીચા તથા નિલેશભાઈ ચાવડા પો. કોન્સ. જયેશભાઈ દાફડા તથા ગગુભાઈ ચારણ તથા મહેન્દ્રભાઈ ધાંધલ વિગેરે સ્ટાફ ના જોડાયા હતા.

(5) સારી કામગીરી

છેલ્લા - નવ માસથી નાસતો ફરતો આરોપી તથા ભોગ બનનારને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય પેરોલ/ફર્લો સ્કોડ

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય. જેથી આજ રોજ ઇન્ચા. પો.ઇન્સ. એલ.સી.બી. શ્રી જે.એમ.ચાવડા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઇ શ્રી

યુ.એચ.વસાવા સા.તથા એ.એસ.આઈ મહમદરફીક ચૌહાણ,પો.હે.કો વિરરાજભાઇ પો.કો મહેન્દ્રસિંહ સોલંકી, પો.કો મયુરસિંહ જાડેજા, તથા પો.કો વિનયભાઈ રાજપુત નાઓ નાસ્તા ફરતા આરોપીઓની તપાસમા મેટોડા જી.આઈ.ડી.સી વિસ્તારમા હતા આ દરમ્યાન પો.કો મહેન્દ્રસિંહ સોલંકી નાઓને મળેલ બાતમી આધારે લોધિકા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. 3/2018 આઇ.પી.સી. કલમ 363.366 તથા એક્ટ્રોસિટી એકટ 3(2)(5) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી બાદલ ઉર્ફે બહાદુર દિલીપભાઈ કોળી રહે.મેટોડા જી.આઈ.ડી.સી વાળાને તથા ભોગબનનારને પકડી પાડી ના.પો. અધી સા.શ્રી એસ.સી.એસ.ટી સેલ રાજકોટ ગ્રામ્ય રાજકોટ નાઓને સોપેલ છે.

(6) સારી કામગીરી

છેલ્લા - છેલ્લા બે વર્ષ થી નાસતો ફરતો આરોપી ને પકડી પાડતી રાજકોટ ગ્રામ્ય પેરોલ/ફર્લો સ્કોડ

રાજકોટ ગ્રામ્ય જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય. જેથી આજ રોજ ઇન્ચા. પો.ઇન્સ. એલ.સી.બી. શ્રી જે.એમ.ચાવડા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઇ શ્રી યુ.એચ.વસાવા સા.તથા એ.એસ.આઈ મહમદરફીક ચૌહાણ,પો.હે.કો વિરરાજભાઇ પો.કો મહેન્દ્રસિંહ સોલંકી, પો.કો મયુરસિંહ જાડેજા, તથા પો.કો નરેન્દ્રભાઈ દવે નાઓ સાથે નાસ્તા ફરતા આરોપીઓની તપાસમા લોધિકા પોસ્ટે વિસ્તારમા હતા આ દરમ્યાન પો.કો મયુરસિંહ જાડેજા નાઓને મળેલ બાતમી આધારે લોધિકા પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. 5062/2016 પ્રોહી કલમ 66બી.65ઇ મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી રમેશભાઈ ધીરુભાઈ બારડ રહે.નોવઘન ચોરા તા.કોટડા સગણી વાળાને આજરોજ પકડી પાડી કાયદેશરની કાર્યવાહી કરી લોધિકા પોસ્ટ ખાતે સોંપી આપેલ છે.

(7) સારી કામગીરી

* પડધરી ટાઉન વિસ્તારમાંથી ઇંગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ પકડી પાડતી પડધરી પોલીસ*

મ્હે પોલીસ અધિક્ષકશ્રી રાજકોટ ગ્રામ્ય બલરામ મીણા સાહેબ તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી ગોંડલ ડિવિઝન ડી એમ ચૌહાણ સાહેબની સુચના મુજબ પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી જુગાર અંગે ની બદીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા પ્રોહી તથા જુગારની ડ્રાઇવ રાખવામાં આવેલ હોય જે અન્વયે પડધરી પો. સ્ટેના પો.સબ.ઇન્સ શ્રી જે વી વાઢિયા તથા સ્ટાફ નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન પો સબ ઇન્સ શ્રી જે વી વાઢીયા સાહેબ ને મળેલ હકીકત આધારે પડધરી ટાઉન

વિસ્તારના ખાટકી વાસમાંથી આરોપી અબ્દુલ અલ્લારખાં ફકીર ના રહેણાંક મકાનમાંથી નીચે મુજબ નો પરપ્રાંતીય ઇગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી ધોરણ કાર્યવાહી કરવામાં આવેલ છે.

(1) કેસીનો પ્રાઇડ વિસ્કી 750 ML કંપની સીલપેક કાચની બોટલ નંગ - 110

(2) પાર્ટી સ્પેશિયલ ડીલક્ષ વીસ્કી 750 ML કંપની સીલપેક કાચની બોટલ નંગ - 8

ઉપરોકત આરોપી પાસેથી પરપ્રાંતિય ઇંગ્લિશ દારૂની કુલ બોટલ નંગ ૧૧૮ કિ.રૂ. 35,400/- તથા મોબાઈલ નંગ 1 કિ.રૂ 1,000/- મળી કુલ મુદ્દામાલ રૂ 36,400/-નો મુદ્દામાલ મળી આવેલ છે તેમજ સદર દારૂ પૂરો પાડનાર અમન યુસુફ ખાન મુલલા રહે. ધ્રોલ વાળા ને પકડવા પર બાકી રાખેલ છે

આ કામગીરીમાં પો.સબ.ઇન્સ શ્રી જે. વી. વાઢીયા તથા તથા પો હેડ કોન્સ ફીરોઝભાઇ તથા પો.કોન્સ જયેન્દ્રસિંહ, યુવરાજસિંહ, ડ્રાઈવર અનિરૂધ્ધસિંહ વિગેરે જોડાયા હતા

(8) આટકોટ ના બળધોઇ ગામની સીમ માંથી જુગાર રમતા ૫ શખ્સો ઝડપી પાડતી આટકોટ પોલીસ ....

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહેબ ની સૂચનાથી ગોંડલ Dyspડી.એમ.ચૌહાણ સાહેબ તથા પી.એસ.આઈ બી.એફ.ચૌધરી સાહેબ ના માર્ગદર્શન હેઠળ Q.R.T ટીમના પો.હેડ.કોન્સ ગોપાલભાઈ મોહનભાઈ ધાંધલ તથા નરેશભાઈ રાઠોડ તથા હિતેશભાઈ દેવરિયા તથા સુરેશભાઈ જાપડીયા તથા મહિલા પો.કોન્સ રંજનબેન ખેરલા અમે બધા પો.સ્ટે.વિસ્તાર માં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન ખાનગી રાહે હકીકત બાતમી આધારે આટકોટ ના બલધોઈ ગામની સીમ મા માખનિયા ડુંગર ની નીચે જાહેર મા ૫ ઇસમો જુગાર રમતા પકડી પાડ્યા જેમાં આરોપી ન

(૧)ચૌથાભાઈ રાઘવભાઈ સાકરીયા જાતે કોળી ઉ.વ.૪૪ રહે બળધોઇ

(૨)ધર્મેશભાઈ લખમનભાઈ ખસિયા જાતે કોળી ઉ.વ.૨૫ રહે બળધોઇ

(3) ધીરુભાઈ જસમતભાઈ જોગરાજિયા જાતે કોળી ઉ.વ.૪૨ રહે બળધોઇ

(૪)ભરતભાઈ કાબાભાઈ જાદવ જાતે કોળી ઉ.વ.૩૫ રહે બળધોઇ

(૫) મનજીભાઈ પુનાભાઈ જાદવ જાતે કોળી ઉ.વ.૬૦ રહે બળધોઇ વાળા રોકડ રૂ.૧૧.૦૫૦/- તથા મુદામાલ ની કુલ કી.રૂ.૫૦.૦૦૦/- એમ કુલ.કી.રૂ. ૬૧.૦૫૦ /- મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા કલમ ૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરેલ છે

(9) ***સામાજીક પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાના બદઈરાદે ફેક ફેસબુક આઇ.ડી. બનાવનારઈસમને પકડી પાડી જેલહવાલે કરતી રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.બ્રાન્ચ***

પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓ દ્વારા ફેક ફેસબુક આઇ.ડી. દ્વારા ફરીયાદી તથા તેના સગાવહાલાઓની સામાજીક પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડનાર ઈસમને શોધી કાઢવા સુચના કરતા આ કામે આરોપી દ્વારા '' Riya Rathod'' નામનુ ફેક ફેસબુક આઇ.ડી. બનાવેલ હોય જે આઇ.ડી. બાબતે ફેસબુક પાસેથી માહિતી મંગાવી જે મળેલ માહિતી આધારે આરોપીનો મોબાઇલ નંબર શોધી કાઢી આ મોબાઇલ નંબર ઉપયોગ કરનાર આરોપી બાબતે તપાસ કરતા રાજકોટ રેલનગર-૨, નાથદ્વારા પાર્ક, શેરી નં.૧ માં રહેતા ક્રિપાલસિંહ જયરાજસિંહ સરવૈયા વાળો હોવાનુ જાણવા મળતા તુરત જ તેઓને શોધી કાઢી મજકુરની પુછપરછ કરતા પ્રથમ પોતે ગુન્હો કરેલ હોવાની ના પાડેલ. બાદ સઘન પુછપરછ દરમ્યાન આરોપી ભાંગી પડતા આરોપીએ પોતે પોતાના સગાને ફરીયાદી સાથે અણબનાવ બનેલ હોય જેનો બદલો લેવાના બદઈરાદે ગુન્હો કરેલ હોવાની કબુલાત આપતા. આજરોજ તા.૧/૧૦/૨૦૧૮ ના રોજ મજકુર આરોપી ક્રિપાલસિંહ જયરાજસિંહ સરવૈયા દરબાર, ઉવ.૨૯, રહે. રાજકોટ રેલનગર -૨, નાથદ્વારા પાર્ક શેરીનં.૧, ઝાલા ઘોઘુભા ના મકાનમા ભાડેથી, મુળગામ ચીતલ, તા.જી.અમરેલીવાળાને અટક કરી જામકંડોરણા કોર્ટ હવાલે કરી મજકુરને જામીન પર મુકત ન થાય તે બાબતે અસરકારક દલીલ,રજુઆત કરતા નામદાર કોર્ટ દ્વારા મજકુર આરોપીને જામીન રદ કરી જેલ હવાલે કરેલ છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓની સુચનાથી એસ.ઓ.જી રાજકોટ ગ્રામ્યના પોલીસ ઇન્સપેક્ટર એમ.એન.રાણા તથા પો.સબ.ઇન્સ વાય.બી.રાણા તથા પો.હેડ.કોન્સ અતુલભાઇ ડાભીતથાસંજયભાઇ નિરંજની તથા ઉપેન્દ્રસિહ જાડેજા તથા પો.કોન્સ દિનેશભાઇ ગોંડલીયા તથા ધર્મેન્દ્રભાઇ ચાવડા તથા રણજીતભાઇ ધાધલ તથા ડ્રા.પો.કો. દિલીપસિંહ જાડેજા એમ બધા સદરહું તપાસમાં રોકાયેલ હતા.

(10) સારી કામગીરી

નશીલા પદાર્થ ચરસનુ ગેરકાયદેસર વેચાણ કરતા ઇસમને ચરસના જથ્થા સાથે પકડી પાડતી એસ.ઓ.જી. રાજકોટ ગ્રામ્ય

પોલીસ અધિક્ષકશ્રી બલરામ મીણા સાહેબ રાજકોટ ગ્રામ્ય રાજકોટનાઓ દ્વારા રાજકોટ જિલ્લામા નશીલા માદક પદાર્થનુ વેચાણ કરતા ઇસમોને શોધી કાઢી તેની ઉપર ઘોંસ બોલાવી આવી અસમાજીક પ્રવૃતી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અસરકારક કાર્યવાહી કરવા સુચના કરેલ હોય, જે અન્વયે તા.૦૫/૧૦/૨૦૧૮ ના રોજ એસ.ઓ.જી. શાખાના પો.

અધિકારી કર્મચારીઓ એસ.ઓ.જી. ને લગતી કામગીરીમા જેતપુર શહેર વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન એસ.ઓ.જી. આર. આર. શાખાના પો.ઈન્સ.શ્રી એમ.એન. રાણા સા.ને બાતમીરાહે મળેલ હકિકત આધારે જેતપુર નવાગઢ સીમમા આવેલ અકાળાધાર પાસે આવેલ હજરત ગેબનશાહ બાવા ની દરગાહ પાસેની ઓરડીમાંથી ચરસનુ વેચાણ કરતો સલીમભાઇ સીદીકભાઇ સમા સીપાઇ, ઉવ.૪૫, રહે. નવાગઢ (જેતપુર) ગેસના ગોડાઉન પાસે, ખાટકીવાસ વાળાને ચરસનો જથ્થો ૬૨૫.૬૫ ગ્રામ આશરે કિંમત રૂપીયા ૬,૦૦,૦૦૦/- (છ લાખ) તથા ચરસ વેચાણના રોકડ રૂ.૪૦,૦૦૦/- (ચાલીસ હજાર) તથા નાના ત્રાજવા તોલા, મોબાઇલ વિ. મળી કિં.રૂ. ૬,૪૦,૭૨૧/૭૫ ના મુદામાલ સાથે પકડી પાડતી એસ.ઓ.જી. આર.આર. ટીમ.પકડેલ આરોપીનુ નામ - સલીમભાઇ સીદીકભાઇ સમા સીપાઇ, ઉવ.૪૫, રહે. નવાગઢ (જેતપુર) ગેસના ગોડાઉન પાસે, ખાટકીવાસ જી. રાજકોટ કબજે કરેલ મુદામાલ - ચરસનો જથ્થો ૬૨૫.૬૫ ગ્રામ આશરે કિંમત રૂપીયા ૬,૦૦,૦૦૦/- (છ લાખ) તથા ચરસ વેચાણના રોકડ રૂ.૪૦,૦૦૦/- (ચાલીસ હજાર) તથાનાના ત્રાજવા તોલા, મોબાઇલ વિ. મળી કિં.રૂ. ૬,૪૦,૭૨૧/૭૫ ના મુદામાલ સાથે પકડી મુદામાલ કબજે કરેલ છે.

ચરસનો જથ્થો મેળવેલની હકીકત - આ કામનો આરોપી સલીમ સીદીકભાઇ સમા રહે. નવાગઢ જેતપુર વાળાએ આજથી આશરે એકાદ વર્ષ પહેલા રાજસ્થાન અજમેર ખાતે ઉર્ષના મેળામા જમ્મુ કાશ્મીરના મહમદભાઇ સાથે ઓળખાણ પરીચય થતા મોબાઇલ ચરસનો જથ્થો મંગાવીને ચોરીછુપીથી વેચાણ કરતો હોવાનુ જણાવતા આ કામે ગુન્હાના મુળ સુધી પહોંચવા ઉંડાણ પુર્વક તપાસ જારી.

કામગીરી કરનાર અધિકારી / કર્મચારીઓ-એસ.ઓ.જી રાજકોટ ગ્રામ્યના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.એન.રાણા તથા પો.સબ.ઇન્સ વાય.બી.રાણા તથા પો.હેડ કોન્સ. વિજયભાઇ ચાવડા, ઉપેન્દ્રસિહ જાડેજા, અતુલભાઇ ડાભી તથા સંજયભાઇ નિરંજની તથા પો.કોન્સ દિનેશભાઇ ગોંડલીયા તથા ધર્મેન્દ્રભાઇ ચાવડા તથા રણજીતભાઇ ધાધલ તથા ડ્રા.પો.કો. દિલીપસિંહ જાડેજા એમ બધા સદરહુ કામગીરીમા રોકાયેલ હતા.

તા.૦૬/૧૦/૨૦૧૮

(11) સારી કામગીરી

પોલીસ અધિક્ષક શ્રી રાજકોટ ગ્રામ્ય શ્રી બલરામ મીણા સાહેબ ની સુચના થી તેમજ જેતપુર ડીવીઝન નાયબ પોલીસ અધીક્ષક શ્રી જે.એમ.ભરવાડ સાહેબના માર્ગદર્શન મુજબ આજ રોજ અમો પો.ઇન્સ. વી.આર. વાણીયા જેતપુર સીટી પોલીસ સ્ટેશન તથા જેતપુર

સીટી પોલીસ સ્ટેશન ના પો.કોન્સ. મેહુલભાઇ બારોટ તથા પો.કોન્સ. નૈમીષભાઇ મહેતા તથા પો.કોન્સ. અર્જુનભાઇ ડવેરા તથા પો.કોન્સ.રણધીરસિંહ જાડેજા એ રીતે ના પ્રોહી કામગીરીમાં પેટ્રોલીંગમાં નવાગઢ વીસ્તારમાં હોય તે દરમ્યાન અમોને ખાનગી રાહે હકીકત મળેલ તે હકીકત અન્વયે જેતપુર નવાગઢ રેલ્વે સ્ટેશન તરફ જવાના કાચા રસ્તે હકીકત વાળું મો.સા.એકટીવા કાળા કલરનું રોકી તે મો.સા. ચાલક અજય નીતીનભાઇ ગોહેલ જાતે કોળી ઉ.વ. ૨૦ ધંધો મજુરી રહે. ગોંડલ ભગવતપરા શાળા નંબર ૧૨ બીટ વિસ્તારમાં વાળા પાસેથી દેશી દારૂ લીટર ૧૦૦ કુલ રૂ. ૨૦૦૦/ તથા એકટીવા મો.સા. કી.રૂ. ૪૦,૦૦૦ળ મળી કુલ રૂપિયા ૪૨૦૦૦/ નો પ્રોહી મુદામાલ પકડી તેમજ સદરહું પ્રોહી દેશી દારૂ વહેચનાર વિજયભાઇ ગોહેલ રહે. ગોંડલ ભગવતપરા તથા મંગાવનાર મધુબેન રાજુભાઇ સોલંકી (૩) પરેશભાઇ રવજીભાઇ વાઘેલા રહે. બનને જેતપુર વીરૂધ્ધ પ્રોહી એકટ મુજબ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

(12) સારી કામગીરી તા ૭/૧૦/૨૦૧૮

ઇગ્લીશ દારૂ ના કુખ્યાત બટુલેગેંસ દદનેશ પુનાભાઇ ગોહલે રહેસાણથલી વાળાનેઝડપી પાસામાં ધકેલતી ગોંડલ તાલકુા પોલીસમ્હેઇપોલીસ અધિક્ષક શ્રી બલરામ મીણા સાહબે , નાઓએ પ્રોહીબીશન તથા જુગાર ની પ્રધવતઓ સદતરાં ડામવા સચુ ના કરેલ હોય અનેપ્રોહીબીશન બટુલેગર ઉપર સખત અટકાયતી પગલા લેવા સચુના કરેલ હોય જેથી નાયબ પોલીસ અધિક્ષક ડી.એમ ચૌહાણ સાહબે ના સીધા માર્ગદશન અનેસચુનાઅન્વયેમજકુર દનેશભાઇ પુનાભાઇ ગોહલે રહે.સાણથલી તા.જસદણ જી.રાજકોટ વાળા વિરૂધ્ધ અનેક પ્રોહીબીશનના ગુનાનોંધાયેલા હોય અનેતાજેતરમાં એલ.સી.બી રાજકોટ ગ્રામ્ય,ના ઓએ મજકુરનેઇંગ્લીશ દારૂ ના જથ્થા સાથેઝડપેલ હોય મજકુર અવારનવાર પ્રોહીબીશનના ગુનામાં સડોવાયેલ રીઢો ગુનેગાર હોય મજકુર ઇસમનેઆજરોજ તા.૭/૧૦/૨૦૧૮ ના રોજ મ્હે.જીલ્લા મેજીસ્ટ્રેટ સાહબે રાજકોટના હુકમ અન્વયેમજકુર પ્રોહી બટુલેગર દિનેશ પુનાભાઇગોહલે કોળી રહે.સાણથલી, વાળાનેપકડી પાસા અધિનીયમ હઠેળ અમદાવાદમધ્યસ્થ જેલ ખાતેમોકલી આપેલ છે